TITLE CODE: GUJGUJ 15959

SINCE - 1968

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-1, Issue No-8 | Ahmedabad, Saturday 05/03/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



સોનાની માટી- વાર્તા ૨




અસરકારક શિક્ષક ૩



મહાત્મા ગાંધીની શક્તિ કસ્તુરબા ગાંધી ૪



જવાબદારીનો ભાર લાગે છે? ૫



ડાયનામાઇટની શોધ કોણે કરી? ૮

ધી ઓપન પેજ

લવાજમ ફોર્મ

વધુ માહિતી પેજ નં.૮

ફાગણ સુદ પૂનમને દિવસે સમગ્ર ભારતમાં હોળીનો તહેવાર ઊજવવામાં આવે છે. આપણે ત્યાં લાકડાં-હોળૈયા વગેરેનો ગંજ ખડકીને હોળિકાનું દહન કરવામાં આવે છે. આ સિવાય ખાસ તો આ રંગપર્વ છે. એકમેક પર રંગોનો છંટકાવ કરીને હોળી-ધૂળેટીનો તહેવાર લોકો ઊજવે છે. આ તહેવાર બાળકોથી લઈને મોટેરાંઓ સુધી લગભગ તમામનો પ્રિય તહેવાર ગણાય છે ત્યારે આપણે અહીં હોળી વિશે વિવિધ જાણી-અજાણી બાબતો ધ્યાનમાં રાખીશું...



વેદાંત ઝાલા, આત્મન ઇન્ટરનેશનલ સ્કૂલ

# હોળી આવી રે...

- સામાન્ય રીતે એવું કહેવાય છે કે હોળીનું તાપણું લીધા પછી ઠંડી ગાયબ થઈ જાય છે. આપણા ગુજરાતી કેલેન્ડર પ્રમાણે એમ મનાય છે કે હોળીના દિવસથી ઉનાળાની શરૂઆત થાય છે.
- હોળીના દિવસે લોકો રંગોથી એકબીજાને રંગ-બેરંગી બનાવે છે. અવનવા રંગોથી લોકો હોળીના દિવસે રંગોત્સવ મનાવે છે. ક્યાંક ધુળેટીના દિવસે પણ રંગપર્વ ઊજવે છે.
- સૌરાષ્ટ્રમાં હોળીને હુતાશણી પણ કહેવામાં આવે છે. હોળીના બીજા દિવસને ‘પડવો’ એવા નામે ઓળખવામાં આવે છે. આ દિવસે પરંપરાગત રમતો અને દાંડિયારાસ જેવા કાર્યક્રમો યોજાય છે.
- સંસ્કૃત શબ્દ હોલાનો અર્થ નવું ધાન્ય થાય છે તેથી કેટલાક નિષ્ણાતો નવા ધાન્ય સાથે પણ હોળીને જોડે છે.
- ભાગવક્ત પુરાણ પ્રમાણે ‘માસી’ પૂતનાનું મૃત્યુ થયું એટલે લોકોએ એના ઉત્સાહમાં હોળીનો તહેવાર ઊજવ્યો હતો ત્યારથી આપણે ત્યાં હોળીનો તહેવાર ઉજવાય છે.
- અન્ય એક પૌરાણિક કથા અનુસાર તપસ્વી સદાશિવને છંછેડવા જતાં સળગી રહેલા કામદેવની યાદમાં આ દિવસને હોળીના તહેવાર તરીકે ઊજવવામાં આવે છે.
- સૌથી લોકપ્રિય અને જાણીતી કથા પ્રહલાદ અને હોલિકાની છે. ભક્ત પ્રહલાદને ઉગારવા ભગવાન નૃસિંહે કરેલ હિરણ્યકશ્યપનો વધ પણ હોળીના ઉત્સવ સાથે સાંકળતી પુરાણકથા છે.
- રાજસ્થાનની હોળી આખા ભારતમાં પ્રસિદ્ધ છે. ફાગણ મહિનો બેસતાં જ ત્યાંના લોકો ઓઢણાં ચૂંદડી, સાડી, સાફા રંગે છે. આ વસ્ત્રોને ફાગણિયો, વસંતિયો, કેસરિયો, હળદરિયો વગેરે નામ આપવામાં આવે છે. હોલિકોત્સવની રાત્રે રાજસ્થાનની સ્ત્રીઓ ‘ઘુમ્મર’ નૃત્ય કરે છે જે રાજસ્થાનમાં સૌથી લોકપ્રિય નૃત્ય પૈકીનું એક છે.
- ભારતમાં કેટલાક સ્થળોએ એવો પણ રિવાજ છે કે એક થાંભલા પર ગોળની પોટલી લટકાવવામાં આવે છે અને સ્ત્રીઓ લાકડીઓ લઈને ઊભી રહે છે. જે પુરુષ સ્ત્રીઓના લાઠીમાર વચ્ચે પોટલી ઉતારી લાવે તેને વીર પુરુષનું બિરુદ આપવામાં આવે છે.
- ઉત્તર પ્રદેશમાં રાત્રે લોકો હોળીની સામે ‘ફાગ’ ગીતો ગાય છે.
- મહારાષ્ટ્રમાં હોળી પ્રગટાવ્યા પછી લોકો વીર શહીદોની સ્મૃતિમાં ઢાલ અને તલવાર સાથે નૃત્ય કરે છે.
- બિહારમાં હોળીને ‘સમ્હત’ કહે છે. સમ્હત આગળ ચાર ઢગલા કરી તેના પર કળશ રાખીને બ્રાહ્મણ પૂજા કરે છે. જે દિશામાં ઢગલો ઢળે કે ગળે તે દિશામાં વર્ષાનું આગમન થાય છે તેવી લોકમાન્યતા છે.
- ભારતમાં લગભગ બધી જગ્યાઓએ હોળીની જ્વાળાઓ કઈ દિશામાં જાય છે તે પરથી વરસાદ અને વર્ષ કેવું જાય છે તેનો વરતારો કરાય છે.
- બંગાળમાં હોળીને દિવસે મહાપ્રભુ ચૈતન્યની મૂર્તિને પાલખીમાં મૂકી વાજતેગાજતે ફેરવવામાં આવે છે.
- કાશ્મીરથી કેરળ સુધી અને પશ્ચિમમાં કચ્છથી પૂર્વમાં છેક આસામ સુધી આ તહેવાર મુક્ત ઉલ્લાસ અને મસ્તીથી ઊજવવામાં આવે છે.

# સોનાની માટી

દેશમાં એક બાદશાહ હતો. સિંહાસન પર બેસતાં જ તેને પોતાનો ખજાનો વધુ સમૃદ્ધ બનાવવાનો વિચાર આવ્યા કરતો. આથી જ્યારે એને ખબર પડતી કે કોઈ દેશ સમૃદ્ધ છે, પૈસે ટકે સુખી છે, તો તેના ઉપર ચડાઈ કરી, એ દેશને લૂંટી લેવા એ તત્પર રહેતો અને ત્યાંથી મેળવેલી અઢળક દોલત પોતાના ખજાનામાં ઉમેરતો. બાદશાહે એવા જાસૂસો પણ રાખ્યા હતા કે જેઓ વિવિધ દેશોની સમૃદ્ધિ અને ખજાનાઓની માહિતી લઈ આવતા. બાદશાહ અવારનવાર જાસૂસોના સહકારથી શાહુકાર દેશો પર ચડાઈ કરતો અને એ દેશનું ધન લૂંટી લાવીને પોતાના ખજાનાને વધુ સમૃદ્ધ બનાવતો.

એક વાર એક જાસૂસે આવીને બાદશાહને કહ્યું કે 'દક્ષિણ તરફ એવો દેશ છે, જ્યાંના રહેવાસીઓ સૌથી વધુ સુખી અને સમૃદ્ધ છે. એ દેશની માટી સોનાની છે!'

'સોનાની માટી!' બાદશાહની આંખો પહોળી થઈ ગઈ.

એણે અત્યાર સુધીમાં કેટલાયે દેશો જોયા હતા, લૂંટ્યા હતા પણ કોઈ દેશની માટી સોનાની હોય એવું સાંભળ્યું નહોતું. બાદશાહે તુરંત જ લશ્કર મોકલીને એ દેશને લૂંટવાની યોજના બનાવી. પણ એક મુશ્કેલી હતી. એ દેશ કઈ બાજુ છે, એ દેશનું નામ શું છે, એની તો રાજાને ખબર જ ન હતી. જાસૂસે કહ્યું. 'જહાંપનાહ, મને મળેલી માહિતી તદ્દન સાચી છે. પણ એ દેશનું નામ હું જાણતો નથી. અલબત્ત, એ દેશ દક્ષિણ દિશાએ આવેલો છે. એ દેશના લોકો બહાદુર છે. એ દેશમાં પ્રવેશતાં પહેલાં કેટલાંયે પહાડો અને નદીઓ ઓળંગવાં પડે છે.'

બાદશાહે કહ્યુંઃ 'વાંધો નહિ. ગમે તેટલી તકલીફ પડે તો પણ મારે એ સોનાની માટી વાળા દેશને જીતવો જ છે.'

સોનાની માટીવાળો દેશ જીતવાની તાલાવેલીમાં બાદશાહે ઉતાવળ કરી અને દક્ષિણ તરફ કૂચ કરવાનો હુકમ આપ્યો. બાદશાહના હુકમ મુજબ લશ્કર તૈયાર થઈ ગયું. વજીરોએ અને અન્ય અમલદારોએ સલાહ આપી, 'સોનાની માટી વાળા દેશની પૂરી માહિતી મેળવીને પછી હુમલો કરીએ તો સારું.' બાદશાહે કહ્યું, 'નહીં, હું ધીરજ રાખી શકું તેમ નથી. મારે સોનાની માટીવાળો દેશ બને એટલો જલદી જીતવો છે.'

બીજે દિવસે બાદશાહ લશ્કર સાથે આગળ વધ્યો. દિવસો વીતી ગયા પણ બાદશાહને એ દેશનો પત્તો ન લાગ્યો. ઊંચા ઊંચા પહાડો પાર કરવાનું બાદશાહને મુશ્કેલ લાગ્યું. પણ સોનાની માટીનો લોભ છેવટે બાદશાહને ત્યાં સુધી ખેંચી ગયો. ખૂબ જ યાતનાઓ વેઠીને લશ્કર તથા રાજા એ સુંદર દેશમાં આવી પહોંચ્યા. બાદશાહને લાગ્યું કે આ જ સોનાની માટીવાળો દેશ હોવો જોઈએ. બાદશાહે લશ્કરને સાવધાન કર્યું અને સોનાની માટીવાળા દેશ પર હુમલો કરવા કહ્યું. લશ્કર પૂરા જોશથી એ દેશ જીતી લેવા આગળ વધ્યું. એ દિવસોમાં એ દેશ નાનાં નાના રાજ્યોમાં વહેંચાયેલો હતો.

એક જ મોટા દેશનાં અલગ-અલગ રાજ્યો પર અલગ-અલગ રાજાઓનું રાજ્ય હતું. લશ્કરે આ નાના નાના રાજ્યો જીતી લીધાં. એ રાજ્યોના રાજાઓને કેદ કરીને બાદશાહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

બાદશાહે તેમને પૂછ્યું, 'ક્યાં છે સોનાની માટી?'

'સોનાની માટી!' બધા એક બીજાના મોઢાં જોવા લાગ્યાં. એક રાજાએ હિંમ્મત કરીને કહ્યું, અહીં તો આવી કોઈ માટી નથી.

તમે લોકો જૂઠું બોલો છો. બાદશાહે કહ્યું, મેં સાંભળ્યું છે કે આ દેશ સોનાની માટીવાળો છે. અમે તમને છોડી મૂકવા તૈયાર છીએ. પણ તમે અમને સોનાની માટી બતાવો એ શરતે.' કેદ થયેલા રાજાઓએ ફરી વાર એકબીજા સામે જોયું. આટલા વર્ષોથી રાજ્ય કરવા છતાં એમણે ક્યારેય સોનાની માટીનાં દર્શન કર્યાં ન હતાં. સોનાની માટી અહીં છે એવું વળી બાદશાહને કોણે કહ્યું હશે? સૌ વિચારમાં પડ્યાં.



રાજાઓએ કહ્યું, 'હજૂર, આપને કોઈએ ખોટી માહિતી આપી છે, અહીં એવું કાંઈ જ નથી. '

બાદશાહે કહ્યું, 'મારા જાસૂસો કદી ખોટા હોય નહિ. તમારે સોનાની માટી બતાવવી જ પડશે.' રાજાઓએ ફરી ધીરજથી વિચાર કર્યો. આખરે એક રાજાએ ધીમેથી કહ્યું, 'મને એ સોનાની માટીની ખબર છે. ચાલો હું તમને સોનાની માટી બતાવું.' સોનાની માટી ખરેખર છે, એવું સાંભળીને બાદશાહ રાજી થયો. તેણે એ રાજાને છોડી મૂકવાનો હુકમ કર્યો. રાજાએ બાદશાહને પોતાની સાથે આવવા કહ્યું. બંને એક લીલીછમ વાડીમાં પહોંચ્યા. રાજાએ ખેતરની જમીન તરફ આંગળી ચીંધીને કહ્યું, 'આ રહી સોનાની માટી'

બાદશાહે આંખો ફાડીને ધૂળનાં ઢેફાં જોયાં અને ગુસ્સે થઈને કહ્યું.

'આ સોનાની માટી છે? આ?'

'જી હજૂર, આ જ સોનાની માટી છે, આ માટીમાં જ અનાજ થાય છે, જેની કિંમત સોનાથી પણ વધુ ગણાય. જે ખાઈને આ દેશના લોકો પેટ ભરે છે તથા વધારાનું અનાજ જરૂરિયાતવાળા દેશોને મોકલે છે. ભૂખ્યાની ભૂખ સંતોષે એ માટી સોનાની ન કહેવાય? અહીંના ખેડૂતો લગનથી માટીમાં પોતાનો પરસેવો ભેળવીને માટીને સોનાની બનાવે છે. તમે જે સોનાની માટીની તલાશમાં અહીં સુધી આવ્યા છો, તે આ જ છે'

'હે!' બાદશાહ વિચારમાં પડી ગયો. તેને હવે સમજાયું કે નાહક ઠેઠ દૂરથી આ માટીની તલાશમાં આવ્યો! આવી માટી તો દરેક દેશમાં હોય છે. આ રીતે તો દરેક દેશની માટી સોનાની કહેવાય. ખેડૂત જો મહેનત કરે તો દરેક દેશની માટી પણ સોનું ઉગાડી શકે. તરત જ બાદશાહ પોતાના દેશ તરફ પાછા વળવાની તૈયારી કરવા લાગ્યો.



**હુંદરાજ બલવાણી**
**લેખક, અમદાવાદ**

## યંગ રિપોર્ટર્સ ક્લબ દ્વારા વદ્યાર્થીઓએ હોળી ઉપર તેમનો અભિપ્રાય વ્યક્ત કર્યો



આપણે વર્ષમાં અનેક તહેવારો ઉજવીએ છીએ. હોળી જેવી મજા બીજા કોઈ તહેવારમાં જોવા મળતી નથી. હોળીનો તહેવાર ફાગણ મહિનાની પૂનમને દિવસે ઉજવાય છે. એ પછીનો દિવસ 'ધુળેટી' કહેવાય છે. આમ હોળીના બે દિવસો હોય છે. હોળીના તહેવારનું ધાર્મિક મહત્વ છે. એ દિવસ પ્રહલાદને મારી નાખવા હોળીકા તેને ખોળામાં લઇને અગ્નિમાં બેઠી હતી. હોળીકાને અગ્નિ બાળી શકે નહીં એવું વરદાન હતું. પરંતુ પ્રહલાદની સાચી ભક્તિને લીધે ચમત્કાર થયો. હોળીકા અગ્નિમાં બળીને મરી ગઇ અને પ્રહલાદને જરા પણ ઇજા ન થઈ. આમ, ભક્તિ અને ધર્મનો વિજય થયો. એ પ્રસંગની યાદમાં દર વર્ષે હોળીનો તહેવાર ઉજવાય છે. હોળીની સાંજે ઠેર ઠેર હોળી પ્રગટાવાય છે. લોકો હોળી માતાની પૂજા અને પ્રદક્ષિણા કરે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. હોળી માતાને હરડા, ધાણી, ચણા અને ખજૂરનો ભોગ ધરાવાય છે. હોળીના તહેવારે સાચો આનંદ હોળીને બીજે દિવસે આવે છે. એ દિવસ 'ધુળેટી' કહેવાય છે. એ દિવસે લોકો રંગની પિચકારી ઓથી હોળી રમે છે. એક બીજા પર ગુલાલ અને રંગ ઉડાડવામાં બધાને અનેરો આનંદ આવે છે. ખરેખર, હોળી આનંદ-ઉલ્લાસ અને રંગોનો સોથી નિરાળો તહેવાર છે.

**બદિયાણી નિમેષ, ધો.-૯,બી,**
**મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ, રોઝરી સ્કુલ, રાજકોટ**



હોળી, જેને રંગોનો તહેવાર કહેવામાં આવે છે. તે ભારત, સુરિગામ, ગુયાના, ટ્રિનિદાલ, ઇંગ્લેન્ડ અને નેપાળમાં લોકચાહના ધરાવતો હિંદુ તહેવાર છે. તેને 'હોલયાત્રા' કે 'વસંતોત્સવ' તરીકે ઓળખવામાં આવે છે. આ તહેવારનો પ્રથમ દિવસ હોળી અને બીજો દિવસ ધુળેટી તરીકે ઓળખાય છે. હોળી ફાગણ માસની પૂનમનાં દિવસે મનાવવામાં આવે છે. આ દિવસે સાંજે ગામમાં પાદર કે મુખ્ય ચોક જેવા સ્થાન પર છાણાં લાકડાંની હોળી ખડકવામાં આવે છે. ત્યાર બાદ બધા લોકો ત્યાં વાજતે-ગાજતે એકઠા થાય છે અને હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો તેની પ્રદક્ષિણા કરે છે તેમજ શ્રીફળ વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી પૂજન કરે છે. હોળીના બીજા દિવસે ધુળેટી મનાવાય છે. આ દિવસે સવારથી સૌ કોઈ નાના મોટા એક બીજા અબિલ, ગુલાલ તેમજ કેસુડાનાં રંગો છાંટી પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે. જો કે હવેના સમયમાં ક્યાંક ક્યાંક રાસાયણિક રંગોનો ઉપયોગ પણ કરાય છે. જેનો ઉપયોગ બને તેટલો ટાળવો હિતાવહ છે.

**ગર પદ્યુમન, ધો.-૯,બી,**
**મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ રોઝરી સ્કુલ, રાજકોટ**

## એક શૈક્ષણિક પ્રયોગ

# શું આમ ગણિત ન શિખવાય?

**પ્રસ્તાવનાઃ**
ભણતરના વિષયોની વાતમાં ગણિતની વાત આવે ત્યારે, ભલભલાના ગાત્રો થીજી જાય. અઘરો ગણાતો વિષય એટલે ગણિત, ગણિતના કોઈ પણ આચાર્ય કે મોટા ગણિતશાસ્ત્રીને પણ પૂછવામાં આવે કે આનો ઉપાય શું? તો માત્ર એક પ્રત્યુત્તર મળે, કે ગણિતનો પાયો પાકો તો ગણિત ચપટી વગાડવા જેટલું સહેલું. ગણિતનો પાયો એટલે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર.

પૈસા(નાણું)ની પર્યંત ઉપયોગ કરી શકે તેવા એક શૈક્ષણિક પ્રયોગ વિષે વિચારીએ.

**પ્રયોગનું નામઃ-** દુકાનોત્સવ

**પૂર્વતૈયારીઃ-**
કક્ષા ૧થી ૪ના વિદ્યાર્થીઓને લઇને કરવાનો હોવાથી તેમની ગટશઃ વહેચણી કરવી.

**ગટના પ્રકારઃ-**
એક મુખ્ય (જથ્થાબંધ) વેપારીનો ગટ-૩ વિદ્યાર્થીઓ ૪ અથવા શાળાની અનુકૂળતા મુજબની દુકાનો બનાવો. તેટલા ગટ બનાવવા. પ્રત્યેકમાં ૪ વિદ્યાર્થી (૨ માલ આપવા અને ૧ સમગ્ર દેખરેખ માટે, ૧ પૈસા લઈ બિલ બનાવવા)

**સાધનોનું એકત્રીકરણઃ-**
વિદ્યાર્થીના ચાલુ વર્ષના કંપાસ, પેન્સિલ, રબર, સંચા, નોટબુકો, પુસ્તકો વગેરેની સાથે અગરબત્તી, ભગવાનના ફોટા, ફૂલ વગેરે લાવી શકાય. (અનુકૂળતા મુજબ ઘણું જોડી શકાય)
એકવાર બધા સાધનો એકત્રિત થઈ જાય ત્યાર બાદ તેના વિભાગ (ઉ.દા. સ્ટેશનરી, ફૂલ વગેરે) પાડી તેના જથ્થાબંધ વેપારીના ગટને સોંપી દેવા. તેમને જ તેનો ભાવ નક્કી કરવા કહેવું.

**નાણાની બનાવટ :-**
જો સમય લઈને કરાય તો, કાર્ડશીટ પર વિદ્યાર્થી પાસે જ બધી જ ચલણી નોટો(લીલી, લાલ) વધુ યોગ્ય રહે તેમ બનાવવી તથા સિક્કા માટે ઠંડાપીણાંની બોટલનાં ઢાંકણનો ઉપયોગ વિદ્યાર્થી પાસે કરાવી શકાય. આ પ્રવૃત્તિથી તેઓ સમગ્ર નાણાથી પરિચિત બનશે. (જો સમય ન હોય તો બધી જ નોટો તથા નાણા બજારમાં નકલી મળે છે તે પણ વાપરી શકાય.
નાણા બની ગયા બાદ પછી તે બધી દુકાનને ગટશઃ સરખા - યોગ્ય પ્રમાણમાં વહેંચી દેવા જોઈએ ત્યાર બાદ તે દુકાનદારોને પોતાની નક્કી કરેલ વસ્તુના જથ્થાબંધ વેપારી પાસેથી તે વસ્તુઓ ખરીદી લાવી (અલગ કક્ષ રાખવા) તેના પર પોતાની રીતે કિંમતોની કાપલી લગાવવા કહેવું. (આ કામ આગલા દિવસે પતાવી દેવડાવવું)તેમને તેમની રીતે વેચાણ-યોજના, છૂટ વગેરે આપવાની પરવાનગી આપવી. ચકાસવા!)

**દુકાનોત્સ્વનો દિવસઃ-**
- દુકાનોત્સ્વના દિવસે અલગ કક્ષ કે કાપડની દુકાનો બનાવી આપવી, હવે દુકાનને ગટશઃ વેચતા વધેલા નાણા લઇ અથવા બાકીના વિદ્યાર્થીને પણ પોતાની જાતે નાણા બનાવડાવી ગ્રાહક તરીકે મોકલવા. (નિરીક્ષણ કરવું)
- નિયત સમય બાદ દરેક દુકાનના ગટને તેનો નફો કે ખોટ જણાવવા કહેવું.
- અંતે કોણે કેટલો નફો કે કેટલી ખોટ કરી તે જાહેર કરવું.

**અંતે નિરીક્ષણના મુદ્દાઃ-**
**કોણે કેટલો નફો કર્યો? ખોટ કેટલી કરી?**
- દરેક ભાવની કાપલી ક્યા આધારે લગાવી હતી? **નફાનું ધોરણ શું રાખ્યું હતું?**
- જથ્થાબંધ વેપારી પાસે ખરીદી કરવા ગયા ત્યારે અને તેમની પાસે ગ્રાહક ખરીદવા આવ્યા ત્યારે તેમનો ભાવ (અંદરની લુચ્ચાઇ, છેતરામણી કે કુનેહ) કેવો હતો?
- કોઈએ પોતાની દુકાન શરૂ કરતા પહેલાં કે વધાવતી વખતે (ઈશ્વરનું કે લક્ષ્મીજીનું) પૂજન કર્યું હતું કે નહિ ?
- પોતાની દુકાનની સ્વચ્છતા કેટલી? કેવી રીતે રાખી? સ્વાશ્રયી હતા કે નહી? બહાર કચરાટોપલી રાખી હતી?
- પ્લાસ્ટિકનો ઉપયોગ કેટલો કર્યો? (બધું આપ સુજ્ઞશ્રી નક્કી કરો તે,...)
- તેમણે બનાવેલ બિલની ચકાસણી (સરવાળો)

**ધ્યાનમાં રાખવાની વાતઃ-**
- જે વિદ્યાર્થીની સામગ્રી લીધેલ છે તે સહીસલામત તેમને પાછી આપે (આ માટે પહેલેથી ગટ બનાવવો)
- આ માત્ર ગણિતનો પ્રયોગ ન બનતા વિશેષ દિન બને તેવું વાતાવરણ બનાવવું.

**ફલશ્રુતિઃ-**
- આમ, જો પ્રયોગ સુવ્યવસ્થિત રીતે થાય તો વિદ્યાર્થીના સરવાળા (બિલ બનાવી, ખરીદી કરી વગેરે દ્વારા) પાકા થઈ શકે. નફો-ખોટ ગણો તો બાદબાકી પાકી થાય. ભાવ નક્કી કરવા માટેથી ગુણાકાર અને વહેચણીથી ભાગાકાર પણ સરળ બને. નાણા તેઓ જાતે ગણે તેથી તે સ્મૃતિ પટલ પર અંકિત થઈ જાય.

વધુમાં આપના સૂચનો અવશ્ય મોકલશો ! તેવી અપેક્ષા સહ.



**કૃતાર્થ જોશી**
**પ્રિન્સિપાલ,**
**લિટલ ફ્લાવર્સ સ્કુલ, દાહોદ**

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી 3 (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# અસરકારક શિક્ષક

## વિદ્યાર્થીઓ શિક્ષકોને પોતાના સમજે છે; તેઓ માને છે કે તમે ત્યાં તેમના માટે જ છો

અધ્યાપન એ ખૂબ ઉમદા વ્યવસાય છે તે સમય અને નિષ્ઠા પણ માંગી લે છે. અધ્યાપન એક પડકારજનક તેમજ સારૂ વળતર આપનાર વ્યવસાય છે. અહીં એવી પાંચ બાબતો દર્શાવી છે જે શિક્ષક બનતા પહેલા ધ્યાનમાં આવશ્યક રાખવી જોઈએ.

**(૧) સમય પ્રતિબધ્ધતાઃ**
એક અસરકારક શિક્ષક બનવા માટે એ ખૂબ જરૂરી છે કે તમે જે સાત કે આઠ કલાક શાળામાં હાજર રહો છો તે બધો જ સમય બાળકો (વિદ્યાર્થી) માટે ફાળવો. એનો અર્થ એ થાય કે પાઠ આયોજન, એસાઈનમેન્ટ તૈયાર કરવા, બાળકોની નોટ ચેક કરવી, વધારાના પ્રેકટીસ પેપર તૈયાર કરાવા માટે તમે અલગથી સમય કાઢશો. શિક્ષક તરીકે સતત વિકસતા રહેવા માટે શિક્ષકોએ વ્યાવસાયિક, ટેકનોલોજીના વિકાસ માટે પણ સમય કાઢવો પડશે. આ ઉપરાંત તમે તમારા વિદ્યાર્થીઓને ઓળખવામાં શાળાકીય પ્રવૃત્તિઓમાં રમતગમત, નાટક, કોઈ કલબ કે કલાસની જવાબદારી લેવી, પ્રવાસ આયોજન વગેરે તમે તેમને પ્રોત્સાહિત કરો તમે પણ તમારી જાતને તેમાં સામેલ કરો. દરેક બાળકની માનસિકતા અલગ છે કોઈ બાળક પનીશમેન્ટથી સમજે છે કોઈ બાળક પ્રેમભરી ભાષા- વર્તનથી સમજે છે દરેક બાળક સાથે એક સરખું વર્તન કરતા તેને સમજીએ અને વાળીએ.

**(૨) અનુકરણઃ**
વિદ્યાર્થી માટે શિક્ષક એક ગુરૂ આદર્શ વ્યક્તિ બની રહે છે. શિક્ષકના વર્તન- વાતની અસર વિદ્યાર્થીના માનસ પર બહુ અસરકારક રહે છે. જો તમે સમયસર શાળાએ આવશો તો જ વિદ્યાર્થી સમયસર આવતા થશે. તમે સહકાર્યકર કે અન્ય વ્યક્તિને માન આપશો  માન- સન્માનથી બોલાવશો તો જ વિદ્યાર્થી અન્ય શિક્ષક અને તમને માન-સન્માન આપશે. જો તમે જ અપશબ્દ બોલશો તો બાળક પણ એ શીખી જશે. તમે તમારા વિચાર, હકારાત્મક વાતો કરશો તો વિદ્યાર્થી એ જ દિશા તરફ વળશે. વર્ગખંડમાં ક્યારેય પણ નકારાત્મક વાત ન કરીએ.



**(૩) આદર કે અવગણનાઃ**
અધ્યાપન એ એવો વિશિષ્ટ વ્યવસાય છે જેમાં તમને આદર પણ મળે છે તેમજ દયાના પાત્ર પણ બનાવવામાં આવે છે. ક્યારેક કોઈ વ્યક્તિ પોતાના નાનપણ (બાળપણ)ના કે પછી પોતાના બાળકોના શાળાના શિક્ષકોના ખરાબ અનુભવો પણ કહેશે. આવી મુંઝવણભરી પરિસ્થિતિનો સામનો તમારે આંખો અને મન ખુલ્લુ રાખી કરવો પડશે. તમે વિદ્યાર્થીને આદર આપશો તો એ તમને કે અન્ય વ્યક્તિને આદર આપશે જ.

**(૪) સમુદાયની અપેક્ષોઓઃ**
એક શિક્ષકે શું કરવું જોઈએ! એ વિષે બધાને પોતપોતાના અભિપ્રાયો હોય છે. લોકો તમને વિવિધ અલગ અલગ દિશાઓમાં દોરી જવા પ્રયત્નો કરશે. આજના ટેકનોલોજીના યુગમાં શિક્ષકની ભૂમિકા બહુ આયામી હોય છે. તમે એક શિક્ષક હોવાની સાથો-સાથ એક માર્ગદર્શક, પરિચારક, કરર્કિદી સલાહકાર, પ્રવૃત્તિઓમાં માર્ગદર્શક, વાલીમિત્ર, વિદ્યાર્થીના પ્રેરક એમ વિવિધ ભૂમિકાઓ ભજવવાની રહે છે. શિક્ષક તરીકે તમારી પાસે અલગ અલગ કક્ષા, વય, ક્ષમતા ધરાવતા બાળકોનો સમૂહ હશે અને એ વિવિધતામાં કઈ રીતે તમે દરેકની વ્યક્તિગત જરૂરિયાત ઓળખીને શિક્ષણ આપો છો તેમાં તમારું શિક્ષક તરીકેનું મૂલ્યાંકન થાય છે. આ કામ પડકારજનક છે તેમજ ખૂબ જ સારો બદલો આપનારું પણ છે.

**(૫) સંવેદાત્મક પ્રતિબદ્ધતાઃ**
અધ્યાપન એ કોઈ ટેબલ વર્ક નથી. આ કાર્યમાં પ્રતિદિન તમે તમારું શ્રેષ્ઠ યોગદાન આપો એ જરૂરી છે. મહાન શિક્ષકો પોતાના વિષયવસ્તુ તેમજ વિદ્યાર્થીઓ સાથે લાગણીથી જોડાયેલા હોય છે. વિદ્યાર્થીઓશિક્ષકોને પોતાના સમજે છે તેઓ માને છે કે તમે ત્યાં તેમના માટે જ છો. તેઓ એવું માનતા હોય છે કે તમારું જીવન તેમની આસપાસ કેન્દ્રિત થયેલું છે. તમને જ તેમના આદર્શ માને છે.



**હેતલ. બી. જોષી**
**આચાર્ય**
**પાઠક સ્કૂલ, રાજકોટ**

# વાયરા વાયા વસંતના

ઋતુઓની રાણી, ઋતુરાજ તરીકે ઓળખાતી વસંત ઋતુનાં વધામણાં કરવાનું કોને ન ગમે? કારણ કે વસંત ઋતુ તો સમગ્ર જડ- ચેતન પ્રકૃતિમાં પ્રાણ પુરે છે. અને તેથી પ્રકૃતિ જાણે પોતે નાચવા લાગે છે. જીવનમાં જેમ બાળપણ પછી યૌવન આવે છે. તેમ આ ઋતુમાં પ્રકૃતિનું યૌવન થનગની ઊઠે છે. આ ઋતુમાં પ્રકૃતિ નવોદિન બનતી જાય છે. ઝાડ, છોડ, વેલા નવી કૂંપળો નવા પાનથી નયન રમ્ય લાગે છે. ફૂલ છોડની સુગંધ આપણા દિમાગને પ્રફૂલિત બનાવી દે છે. આ સુગંધથી માનવમાત્ર તાજગી અનુભવવાં લાગે છે.

વસંતના આગમનથી સમગ્ર પ્રકૃતિ શણગાર સજેલી નવોઢા જેવી બની જાય છે. આ ઋતુમાં પ્રકૃતિ પ્રમીઓ ઝૂમી ઊઠે છે. માનવીઓના હૈયા હિલોળે ચડે છે. કુદરતે આપેલી આ સંપતિને મનભરીને માણવી જોઈએ. વાયરાથી વક્ષોમાં નવી કૂંપણો ઝડપથી ફૂટતી રહે છે. પુષ્પોની બીડાયેલી કળીઓ વાતાવરણમાં મહેક પ્રસરાવે છે.

આ ઋતુ એવી છે કે શિયાળાની કડકડતી વધુ પડતી ઠંડી પણ નહી અને ગ્રીષ્મનો તાપ પણ નહી. આ ઋતુ સમસ્ત જનજીવન અને પ્રત્યેક પ્રાણીઓમાં નવા પ્રાણનો સંચાર કરે છે. આનંદ- ઉલ્લાસ, સ્ફૂર્તિ એ આ ઋતુની દેન છે.

ભગવાન શ્રી કૃષ્ણે પણ ગીતાજીમાં કહ્યું છે કે "ઋતુઓમાં વસંત ઋતુ પણ હું જ છું. " – દરેક પરિસ્થિતમાં સમવૃતિ કેળવીએતો જીવનમાં હમેંશા વસંત જ છે. વસંત ઋતુમાં હોળીનો તહેવાર આવે છે. હોળીનો તહેવાર આ ઋતુનો મુખ્ય તહેવાર ગણાય છે. આ ઉપરાંત વસંત પંચમી પણ આ ઋતુનો જ તહેવાર છે.

ભારતીય સંસ્કૃતિમાં વસંત પંચમીના દિવસે સરસ્વતી પૂજન કરવાનું મહત્વ છે. સરસ્વતી વિદ્યા, બુદ્ધિ, જ્ઞાન અને વાણીની અધિષ્ઠાત્રી દેવી છે. તે દરરોજ નવું નવું શાસ્ત્રનું જ્ઞાન પ્રદાન કરે છે. માં સરસ્વતીના પૂજનનો પ્રાચીન મહિમા છે. દિવાળીમાં આપણે લક્ષ્મી પૂજન કરીએ છીએ તેમ વસંત પંચમીના દિવસે સરસ્વતી પૂજન કરવું જાઈએ.

જેમ વસંત પ્રકૃતિને સુંદર બનાવે છે. તેમ વસંતનો માદક વૈભવ સંગીતના સૂર, લેખક કે કવિની કલમ કે ચિત્રકારોની પીંછીને સર્જનની અવનવી કેડીઓ તરફ દોરી જાય છે. ત્યારે કવિશ્રી મનોજ ખંડેરિયાએ વસંતનું આબેહુબ શબ્દચિત્ર આપ્યું છે.

"મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈં,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના."



**નીલા મહેતા**
**શિક્ષક, ત્રિપદા હાઇસ્કૂલ**



# વાલી મિત્રો માટેની પ્રતિજ્ઞા

વાલીમિત્રો, બાળકોને ભરપૂર પ્રેમ આપીને જ શિક્ષણ આપી શકાય. પ્રેમ અને વાત્સલ્ય વગરનું શિક્ષણ બાળકને રોબોર્ટમાં ફેરવી નાખે છે. વાલી મિત્રો આત્મનિરિક્ષણ કરવાનો સમય પાકી ગયો છે. આપણે આપણા બાળકોને ક્યારે સમજી શું??

વાલી તરીકે અને શિક્ષણ તરીકે સાવ નિષ્ફળ સાબિત થયેલાઓ માટે રવિન્દ્રનાથ ટાગોરના શબ્દો ઘણું કહી જાય છે. 'જન્મતી વખતે દરેક બાળક એક સંદેશ લઈને આવે છે કે, મનુષ્યનું સર્જન કરીને ઈશ્વર હજી હતાશ થયો નથી.' આજના વડીલો અને મોટેરાઓનું વર્તન છે. બાળકને મોટા થવાનો ભય પ્રેરે છે.

*"મેરે દિલ કે કિસી કોને મેં*
*એક માસૂમ સા બચ્ચા,*
*બડોંકી દેખકર દુનિયા*
*બડા હોને સે ડરતા*
*હૈ."*



આપણા સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે આપણે પ્રતિજ્ઞા લઈ એ...

૧. અમે અમારા સંતાનના ધ્યેયને પોતનું ધ્યેય ગણીને એની સગવડ સાચવી શું.
૨. કર્મનો નિયમ સમજી એને અંતરમાં ઉતારી શું. સંતાનના કર્મ પ્રત્યે નિષ્ઠા શ્રદ્ધા વધારી શું.
૩. અમે દરરોજ સંતાન સાથે અડધા કલાકથી પોણો કલાક બેસી તેની મૂંઝવણો જાણી, તેને પ્રોત્સાહન અને પ્રેરણા આપીશું.
૪. અમે અમારું માનસ પરિવર્તન કરી, સંતાન પ્રત્યેનો અભિગમ બદલીશું.
૫. અમારી ગુરુતાની ગ્રંથી છોડીશું અને સફળ વાલી બનવાનાં પુસ્તકો વાંચીશું.
૬. સંતાનોને સૂચના આપવાની શૈલી બદલીશું. એમને પ્રેમથી સમજાવી સન્માર્ગે વાળીશું
૭. સંતાનના ગુણ શોધી વિકાસાવીશું અને જીવનના નાના-નાના આનંદો લઈશું.
૮. અમારી અને સંતાન વચ્ચે સ્નેહ, વિશ્વાસને નિખાલસતાનો સેતું બાંધીશું.
૯. અમે અમારાં વડીલો અને સંતાન વચ્ચે લક્ષ્મણ રેખા દોરીશું.
૧૦. સંતાનને બીજાના દેખતાં ટોકવાનાં, મારવાનાં, જીવન ઘાતક શબ્દો કહેવાના, તેના પ્રત્યે પૂર્વગ્રહના જેવા દસેક 'ન' કાર અમારા મનમાં સ્થાપિત કરીશું અને સંતાનને સાચા માર્ગે લઈ જઈશું.
૧૧. અમે અમારા સંતાનની આજની ક્ષણને 'પૃષ્ટિ' આપી, તૃષ્ટિ આપીશું.
૧૨. અમે એક 'સૂર' થઈશું, એક 'રાગ' આપીશું એક 'સંગીત' ઘરમાં નિપજાવીશું.



**સથવારા નિમિષા**
**પ્રિન્સીપાલ, ત્રિપદા હાઇ સ્કૂલ**

તૈયારી કરવામાં નિષ્ફળ જાવાનો અર્થ એ કે નિષ્ફળ જવા માટે તૈયારી કરવી **-બેજામિન ફ્રેકલિન**

# લઘુતાગ્રંથિમાંથી મુક્ત થાઓ

કેટલાક લોકો પોતાની જાતને અન્ય વ્યક્તિ કરતાં ઉતરતી કક્ષાની, અણઆવડતવાળી માને છે. તેઓ માને છે કે બીજામાં શક્તિ છે, આવડત છે અને પોતાનામાં નથી. તેથી બીજા લોકો આગળ વધી જાય છે અને પોતે પાછળ રહી જાય છે. આવું સતત તેઓને લાગ્યા કરે છે. આવી વ્યક્તિઓ લઘુતાગ્રંથિથી પીડાય છે. વ્યક્તિ જ્યારે લઘુતાગ્રંથિ અનુભવે છે ત્યારે લોકોની સાથે સંપર્ક સાધવાનું ટાળે છે.

જીવનમાં સફળ થવા માટે લઘુતાગ્રંથિ અવરોધરૂપ બને છે. તેને લીધે વ્યક્તિ પોતાની કોઈપણ રજૂઆત અસરકારક રીતે કરી શકતી નથી. તેનામાં આત્મવિશ્વાસની કમી વર્તાય છે. પરિણામે વ્યક્તિના સ્વભાવ અને વલણ નકારાત્મક બની જાય છે. જે તેના વ્યક્તિત્વને આકર્ષણ વિહોણું બનાવી દે છે.

## લઘુતાગ્રંથિ ઉદ્‌ભવવાનાં કારણો

- 'મારૂ કુટુંબ ખૂબ જ સામાન્ય છે', 'મારા મમ્મી-પપ્પા સાધારણ ભણેલા છે', 'મારૂ ઘર નાનું છે', આવા નકારાત્મક વિચારોથી વ્યક્તિ બીજા લોકો સાથે પરિચય કરવામાં સંકોચ અનુભવે છે અને લઘુતાગ્રંથિથી પીડાય છે.
- જે વ્યક્તિએ જીવનમાં વારંવાર નિષ્ફળતા અનુભવી હોય તેવી વ્યક્તિઓ નિષ્ફળતાને કારણે પડકાર સ્વીકારવાની હિંમત ગુમાવી દે છે. તેમાંથી લઘુતા ઉદ્‌ભવે છે.
- 'મારામાં જ્ઞાનનો અભાવ છે,' 'મારો દેખાવ સારો નથી,' આવા નકારાત્મક વિચાર માનવીમાં લઘુતા લાવે છે.
- એક વ્યક્તિની નકારાત્મક તુલના બીજી વ્યક્તિ સાથે કરવામાં આવે ત્યારે વ્યક્તિમાં લઘુતા પ્રેરે છે.
- પોતાના વ્યવસાય ને વફાદાર ન હોય અને સતત વખોડતા હોય ત્યારે લઘુતા અનુભવે છે. ઉદાહરણ તરીકે 'હું શિક્ષક બન્યો તેના કરતાં વકીલ બન્યો હોત તો સારૂ.... વગેરે નકારાત્મક વિચારોને કારણે ઘણી વ્યક્તિઓ વર્તમાન વ્યવસાયમાં ધ્યાન આપી શકતી નથી. પરિણામે નિષ્ફળતા પામી લઘુતા અનુભવે છે.'
- જ્યારે કોઈ વ્યક્તિ પૈસાને ખૂબ જ મહત્વ આપે અને પોતાની પાસે પૂરતો પૈસો નથી તેનો રંજ અનુભવે ત્યારે તે લઘુતાગ્રંથિનો શિકાર બને છે.

## લઘુતાગ્રંથિને કારણે વ્યક્તિત્વને થતું નુકસાન

**બડાઇખોર બને છે.:** ઘણી વખત વ્યક્તિ પોતાની લઘુતાગ્રંથિ છુપાવવા બડાઇખોર બની જાય છે. એક ક્ષેત્રમાં લઘુતાગ્રંથિ અનુભવી વ્યક્તિ અન્ય ક્ષેત્રમાં ગુરુતાગ્રંથિનો શિકાર બને છે. શહેરમાં ભણવા આવેલ ગામડાનો વિદ્યાર્થી જો શહેરમાં લઘુતાગ્રંથિ અનુભવતો હોય તો જ્યારે તે ગામડે જશે ત્યારે બડાશભરી વાતો કરી, પોતાની લઘુતાગ્રંથિને ગુરુતાગ્રંથિ દ્વારા સમતોલ કરવા પ્રયત્ન કરશે. પરિણામે તે બંને જગ્યાએ એકલો પડી જશે.

**ઈર્ષાળુ અને આંતર્મુખિ બને છે.:** લઘુતાગ્રંથિ વ્યક્તિમાં ઈર્ષા પેદા કરી શકે છે. દેખાવને કારણે લઘુતાગ્રંથિ ધરાવનાર વ્યક્તિ દેખાવડી વ્યક્તિનું જોશ જોઈને અપમાન કરે કે ઘસાતું બોલે. કોઈ વ્યક્તિ પૈસાને કારણે લઘુતાગ્રંથિનો અનુભવ કરતી હોય તો બીજા પૈસાદારોનું ખરાબ બોલે છે. આવી વ્યક્તિ લોકોથી દૂર રહેવાનું પસંદ કરે છે અને પરિણામે અંતર્મુખી બની જાય છે.

**નિરાશાવાદી બની જાય છે.:** ઘણી વ્યક્તિઓ લઘુતાગ્રંથિને કારણે આત્મવિશ્વાસ ગુમાવી દે છે. તે પોતાની શક્તિઓનો ઉપયોગ કરતી નથી. નિષ્ફળતાને પહેલેથી જ સ્વીકારી લે છે અને નિરાશા અનુભવે છે.

**લીલબાજ કે ક્રોધી બની શકે છે.:** લઘુતાગ્રંથીને કારણે ઘણી વ્યક્તિઓ વાત-વાતમાં અર્થવિહીન દલીલ કરતાં જોવા મળે છે. પોતાની ગુરુતા સ્થાપવા પ્રયત્ન કરે છે. જો તેમાં નિષ્ફળ જાય ત્યારે તે ઝઘડો કરી બેસે છે. વારંવાર ક્રોધ કરી બેસે છે.

**આળસુ બની શકે છે.:** લઘુતાગ્રંથિ વ્યક્તિને નવા કામ માટેના પડકારો ઝીલતા રોકે છે. પરિણામે અનેક બહાના કાઢીને કામથી દૂર રહી આળસુ અને બહાનાબાજ બનતા જાય છે.

## લઘુતાગ્રંથિમાંથી મુક્ત થવાની ટિપ્સ

૧. ઈશ્વર બધાં લોકોને આકર્ષક દેખાવ કે સંપૂર્ણતા આપી ના શકે. પરંતુ દરેક વ્યક્તિમાં કંઈક ખાસ શક્તિ આપે છે. તે શક્તિને ઓળખી તેને વિકસાવો. તમે લતા મંગેશકરને માન આપો છો. તેમના અવાજને કારણે, નહીં કે તેઓના દેખાવને કારણે. ખૂબ સામાન્ય દેખાવ છતાં ગાંધીજી, અબ્રાહમ લિંકન વગેરે અમર બની ગયા છે. તમે પણ તમારી શક્તિઓને ઓળખી એનો વિકાસ કરી સદુપયોગ કરશો તો તમે લઘુતાગ્રંથિમાંથી ચોક્કસ મુક્ત થઈ શકશો.

૨. નિષ્ફળતાને સ્વીકારી, પોતાની ભૂલોને સુધારી સફળ થવા સતત પ્રયત્ન કરતાં રહો. નિષ્ફળતા એ સફળતાનું સોપાન.

૩. 'મારી પાસે જ્ઞાન નથી' એવો વિચાર છોડી જ્ઞાન મેળવવા પ્રયત્ન કરતાં રહો. તમારાથી વધુ જાણીતી વ્યક્તિઓના સંપર્કમાં રહી નવું જાણતા રહો. દરેક વ્યક્તિને દરેક ક્ષેત્રનું જ્ઞાન હોતું નથી. તેનો ખ્યાલ રાખી વ્યવહારુ બનો. પુસ્તકોને મિત્ર બનાવો.

૪. વ્યક્તિએ પૈસાને સપ્રમાણ મહત્વ આપવું જોઈએ. પૈસો અગત્યનો છે. પરંતુ સર્વસ્વ નથી. હંમેશા યાદ રાખવું જોઈએ કે પૈસાથી કોઈપણ વ્યક્તિ સાચી પ્રતિષ્ઠા પ્રેમ, લાગણી, બુદ્ધિ, ડહાપણ ખરીદી શકતી નથી. તમારુ કામ ઉમદા હશે, બીજાને મદદરૂપ થતાં હશો તો તમને લઘુતાગ્રંથિ સ્પર્શ પણ નહીં શકે.

૫. તમારા વ્યવસાયને માનથી જુઓ અને તેમાં આનંદ મેળવો. તમારા વ્યવસાય માટે ગર્વ અનુભવતા શીખો. દરેક વ્યવસાયનું આગવું મહત્વ છે. મહેનતનો કોઈ પર્યાય નથી. તે સ્વીકારી કાર્યશીલ બનો.

આમ, તમારામાં રહેલી દિવ્ય શક્તિઓને ઓળખી સતત તેનો વિકાસ કરવા મંડ્યા જ રહો. તો આજે જ લઘુતાગ્રંથિને કહી દો 'અલવિદા'



**પ્રેરક બિંદુ:** 'ઊભા થાઓ અને તમારી અંદર રહેલી દિવ્યતાને પ્રકટાવો'
**-સ્વામી વિવેકાનંદ**

**શ્રી સંજય કોરિયા**
**રાજકોટ**

# મહાત્મા ગાંધીની શક્તિ કસ્તુરબા ગાંધી



- કહેવાય છે કે દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનને નજર સમક્ષ રાખીને વિચારીએ તો સાવ સાચી વાત છે. મહાત્મા ગાંધીજીના પત્ની કસ્તુરબા ગાંધી જે ભારતમાં બાના નામથી વિખ્યાત છે. તેમની પાસે અક્ષરજ્ઞાન ન હોવા છતાં તેમને સાચા ખોટાની જાણ હતી. તેઓ ખોટું ક્યારેય ચલાવતાં નહીં, પછી ભલે ખોટું કાર્ય કરનાર ગાંધીજી પોતે જ કેમ ન હોય! તેઓ મક્કમ મને તેમને પણ સચોટ વાત કહી દેતાં હતાં. તેમનાં ત્યાગ અને બલિદાનના કારણે જ મહાત્મા ગાંધીજી દેશના રાષ્ટ્રપિતા બની શક્યા હતા.
- કસ્તુરબા ગાંધી ગુણોનો ભંડાર હતાં. તેમનામાં ઘણાં એવા ગુણો હતા કે જે ભાગ્યે જ બીજી સ્ત્રીઓમાં જોવા મળે છે. ગાંધીજીએ પોતે પણ એવું કહેલું છે કે જે લોકો મારા અને કસ્તુરબાના સંપર્કમાં આવતા તેઓ હંમેશા મારી અપેક્ષા કરતાં કસ્તુરબા ઉપર વધારે શ્રદ્ધા રાખતા હતા.
- કસ્તુરબા ગાંધીનો જન્મ ૧૧ એપ્રિલ, ૧૮૬૯ના રોજ ગુજરાતના પોરબંદર ખાતે થયો હતો. કસ્તુરબા શિક્ષિત નહોતાં તેમ છતાં તેમનું વ્યક્તિત્વ અને બૌદ્ધિક જ્ઞાન અસામાન્ય હતું. કસ્તુરબા ઉંમરમાં ગાંધીજી કરતાં છ મહિના મોટાં હતાં.
- કસ્તુરબાના પિતા ગોકુલદાસ મકનજી વ્યાપારી હતા. તેઓ મહાત્મા ગાંધીજીના પિતાના ખાસ મિત્ર હતા. તેમની આ મિત્રતા તેમણે કસ્તુરબા અને ગાંધીજીનાં લગ્ન નક્કી કરીને સંબંધમાં પરિવર્તિત કરી તે સમયે કસ્તુરબાની ઉંમર માત્ર તેર વર્ષની હતી.
- કસ્તુરબા ગાંધી, મહાત્મા ગાંધીના પહેલા સત્યાગ્રહી દળના સહભાગી હતાં. તેમનો પોતાનો એક આગવો દૃષ્ટિકોણ હતો. સ્વતંત્રતા શું છે અને મહિલાઓને શિક્ષણ આપવું કેટલું જરૂરી છે તે ખૂબ સારી રીતે તેઓ જાણતાં હતાં. તેમણે મહાત્મા ગાંધીજીના દરેક કાર્યમાં સાથ અને સહકાર આપ્યો હતો. કસ્તુરબા જેવું આત્મબળ જો ગાંધીજી સાથે ન હોત તો ગાંધીજીના અહિંસક પ્રયાસ આટલા અસરકારક ન થઈ શક્યા હોત.
- કસ્તુરબા ગાંધીના લગ્નના થોડા જ સમયમાં ગાંધીજી વધારે અભ્યાસ માટે વિદેશ ગયા હતા. નવપરણીત હોવા છતાં કસ્તુરબાએ ગાંધીજીના કોઈ પણ નિર્ણયનો ક્યારેય વિરોધ કર્યો ન હતો.


## શું તમારે પણ ધી ઓપન પેજમાં લખવું છે? લેખક બનવું છે?

ધી ઓપન પેજ સામયિકમાં સ્કુલના પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમનું મૌલિક લખાણ મોકલી શકે છે. ધી ઓપન પેજ, આપને લખવા માટે જગ્યા આપશે અને આપના વિચારો લાખ્ખો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે.આપ શિક્ષણ જગત કે વિદ્યાર્થીઓને લગતા કોઇ પણ વિષય ઉપર મૌલિક લખાણ મોકલી શકો છો, જો કે ધ્યાન એ વાતનું રાખવાનું કે આપ જે કાંઇ મૌલિક લેખ કે સમાચાર મોકલો તેમાં કોઇ વિવાદીત લખાણ ના હોવું જોઇએ.



શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર વિદ્યાર્થીઓ મોકલી શકે છે.

આપની સ્કુલમાં અભ્યાસ ઉપરાંત થતા જુદા જુદા કાર્યક્રમોના ફોટા સાથેના સમાચાર ધી ઓપન પેજને કોમ્પ્યુટરમાં વર્ડ ફાઇલમાં ગુજરાતીમાં, ભાષા ભારતી ગોપીકા ટુ ફોન્ટમાં મોકલી શકો છો.ધી ઓપન પેજમાં જગ્યા હશે તે પ્રમાણે આપની સ્કુલના સમાચારને યોગ્ય રીતે સ્થાન આપવાનો પ્રયાસ કરવામાં આવશે. ધી ઓપન પેજમાં આપની સ્કુલના સમાચાર કે મૌલિક લેખ ઇ-મેઇલ આઇ ડી theopenpage@tripada.com ઉપર મોકલી શકો છો.આ ઉપરાંત આપ ધી ઓપન પેજનો નીચેના સરનામે સંપર્ક કે પત્રવ્યવહાર કરી શકો છો.

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, કુમકુમ પાર્ટીપ્લોટ સામે, અખબારનગર સર્કલ પાસે, નવાવાડજ, અમદાવાદ – ૩૮૦૦૧૩. ફોન નંબર – ૦૭૯ – ૨૭૬૨૧૩૮૫-૮૬.

**શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર કોઈ પણ શાળા ધી ઓપન પેજને મોકલી શકે છે**

# મારી ઈચ્છા કરતા હરિ ઈચ્છા વધુ સારી




એક સ્ત્રી પોતાના નાના બાળકને સાથે લઈને કરિયાણાની દુકાને ખરીદી કરવા માટે ગઈ. જ્યારે સ્ત્રી ખરીદી કરી રહી હતી ત્યારે નાનો બાળક વેપારીની સામે જોઈને હસતો હતો. વેપારીને બાળકનું આ નિર્દોષ હાસ્ય ખૂબ ગમ્યું. જાણે કે આખા દિવસનો થાક ઊતરતો હોય એમ લાગતું હતું. વેપારીએ બાળકને પોતાની પાસે બોલાવ્યો. બાળક જેવો વેપારી પાસે ગયો એટલે વેપારીએ નોકર પાસે ચોકલેટની બરણી મંગાવી. ઢાંકણ ખોલીને બરણી બાળક તરફ લંબાવી અને કહ્યું, ‘બેટા, તારે જેટલી ચોકલેટ જોઈતી હોય એટલી તારી જાતે લઈ લે.’ છોકરાએ જાતે ચોકલેટ લેવાની ના પાડી. વેપારી વારંવાર બાળકને ચોકલેટ લેવા કહેતો રહ્યો અને બાળક ના પાડતો રહ્યો.

બાળકની મા દૂર ઊભી ઊભી આ ઘટના જોઈ રહી હતી. થોડીવાર પછી વેપારીએ પોતે બરણીમાં હાથ નાંખીને એક મૂઠી ભરીને ચોકલેટ બાળકને આપી. બાળકે પોતાના બંને હાથનો ખોબો ધરીને વેપારીએ આપેલી ચોકલેટ લઈ લીધી. વેપારીનો આભાર માનીને કૂદતો કૂદતો પોતાની મા પાસે જતો રહ્યો. દુકાનેથી પાછી ફરતી વખતે મો આ બાળકને પૂછ્યું, ‘બેટા, તને પેલા કાકા ચોકલેટ લેવાનું કહેતા હતા તો પણ તું ચોકલેટ કેમ નહોતો લેતો?’ છોકરો પોતાનો હાથ માં ને બતાવતા કહ્યું, ‘જો મમ્મી મારો હાથ તો બહુ જ નાનો છે મેં મારી જાતે જ બરણીમાં હાથ નાંખીને ચોકલેટ લીધી હોત તો મને બહુ ઓછી ચોકલેટ મળી હોત પણ અંકલનો હાથ બહુ મોટો હતો એમણે મૂઠી ભરીને ચોકલેટ આપી તો મારો આખો ખોબો ભરાઈ ગયો.’ આપણા હાથ કરતા ઉપરવાળાનો હાથ અને હૈયું બહુ મોટા છે માટે માંગવાને બદલે શું આપવું એ એના પર છોડી દેવું જોઈએ. આપણી જાતે લેવા જઈશું તો નાની મૂઠી ભરાય એટલું મળશે અને એના પર છોડી દઈશું તો ખોબો ભરાય એટલું મળશે.



**શૈલેષ સગપરીઆ**
**ડાયરેક્ટર સ્પીપા, રાજકોટ**

# વાત વાતમાં મમ્મી આજે...

વાત વાતમાં મમ્મી આજે કચકચ ના કરીશ,
કાયમ તું તો નન્નો ભણતી ચઢતી મુજને રીસ... વાત વાતમાં મમ્મી આજે...
બેસું જો હું તકિયા ઉપર, કહેતી તકિયો પડશે,
લખવા માટે પેન લઉં તો, કહેતી પપ્પા લડશે...
શીખવી મારે એ, બી, સી, સી ક્યારે હું શીખીશ ?
કાયમ તું તો નન્નો ભણતી, ચઢતી મુજને રીસ.... વાત વાતમાં મમ્મી આજે...
હોડી હોડી રમવા માટે જેવું છાપું લીધું,
લીધું એવું મમ્મી તેં તો લેશન કરવા દીધું....
આજે મુજને રમવા દો, મા કાલે હું લખીશ,
કાયમ તું તો નન્નો ભણતી, ચઢતી મુજને રીસ.... વાત વાતમાં મમ્મી આજે....
ઘડિયો મોઢે કરવા માટે જેવો હું તો બેઠો,
બેબી ઊઠશે એમ કહીને અટકાવે છે તું તો....
રમું, લખું કે વાંચું, તોયે કરતી ચીસાચીસ,
કાયમ તું તો નન્નો ભણતી ચઢતી મુજને રીસ.... વાત વાતમાં મમ્મી આજે....

**વિલેષ શર્મા, ધોરણ ૯, અમૃત વિદ્યાલય, કલોલ**

# લાકડાનો એક કટકો



લાકડાનો એક કટકો લઈને ઉંદર કહે હું આવું.
સુથાર પાસે જઈને મમ્મી ખુરશી એક ઘડાવું.
મમ્મી બોલી, ‘બેટા મારા આપણને તો દર છે સારા,

ધરતીના આપણે છોરુ ભાઈ ધરતીના વસનારા.
નાનકડા દરમાં તું કે’ને ખુરશી કેમ સમાવું?’
લાકડાનો એક કટકો લઈને ઉંદર કહે હું આવું.

‘દર થોડું પહોળું કરશું ને કરશું થોડું ઊંડું.
ઓથ મળી જાશે દરને જો હશે એક ત્યાં કૂંડું.
દાંત અને પગથી ઓ મમ્મી હું માટી ઉથલાવું.’
લાકડાનો એક કટકો લઈને ઉંદર કહે હું આવું.

સુથાર પાસે જઈ એ બોલ્યો, ‘ખુરશી કરો તૈયાર,
સરસ મજાની ટેકણ કરજો, પાયા કરજો ચાર.
રાજગાદી શા હાથા કરજો, ઠાઠ પછી હું બતાવું’
લાકડાનો એક કટકો લઈને ઉંદર કહે હું આવું.

રૂઆબદાર ખુરશી લઈને લ્યો ઉંદર આવ્યો ઘેર,
‘ગોઠવ ઘરમાં એને મમ્મી અહીંયા રૂડી પેર,
દેખ પછી તું આપણા ઘરને કેવો મહેલ બનાવું!’
લાકડાનો એક કટલો લઈને ઉંદર કહે હું આવું.

ખોદી ખોદી માટી કાઢી, નાનકડી ખુરશી ઉતારી,
એની ઉપર જઈ બેઠો એ નાની અમથી છલાંગ મારી,
‘મસ મોટો દરબાર ભરીને હુકમ હવે હું ચલાવું’
લાકડાનો એક કટકો લઈને ઉંદર કહે હું આવું.

ચૂં ચૂં ચૂં ચૂં કરતો રાતે સપનામાંહે ઉંદર.
મારા વટથી આગળ સહુએ લાગે છે છછૂંદર.
આખી દુનિયાને દેખો હું કેવી ગુલામ બનાવું.
લાકડાનો એક કટકો લઈને ઉંદર કહે હું આવું.

મોટેથી બૂમો પાડી એ કહેતો, ‘સાંભળ માડી,’
એ સૂણીને કાગડાભાઈએ દરમાં ચાંચ ઘુસાડી
ને ત્યાં દોડી આવી મમ્મી કહે, ‘તને હું બચાવું.’
લાકડાનો એક કટકો લઈને ઉંદર કહે હું આવું.

ને મરતાં મરતાં બોલી એ ‘સાંભળ બેટા મારા,
દિવસ માથે સૂરજ શોભે રાતે શોભે તારા,
ઝૂંપડું તોડી હવે કહે કે કદી ન મહેલ બનાવું.’
લાકડાનો એક કટકો લઈને ઉંદર કહે હું આવું.



**કીર્તિદા બ્રહ્મભટ્ટ, કવિયત્રી**

# જવાબદારીનો ભાર લાગે છે?

આ દુનિયામાં આવેલ જીવ-પ્રાણી માત્રને ભગવાને બધાને બધું આપેલ છે પણ મનુષ્યને એક વિશેષ તત્વ આપેલ છે જે છે બુદ્ધિ અને આ બુદ્ધિને લીધે જે માનવમાત્ર વિકાસને પામ્યો છે. તેને આપણે એક ઉત્ક્રાન્તિ તરીકે નવાજીએ છીએ પણ દિવસેને દિવસે જે રીતે આપણે વિકાસને પામી રહ્યા છે તેની સાથે સાથે આપણે આપણી ફરજ અને જવાબદારીને ભુલતા ગયા છીએ.

ફરજ અને જવાબદારી - એ બન્ને તત્વો છે. જે દરેકને લાગુ પડે છે. પછી કે કોઈપણ જીવમાત્ર હોય, અને જે તેમાંથી છટકવા કે પલાયાન થવા માંગે છે તે તેમની જવાબદારી અને ફરજમાંથી ચૂકી રહ્યા છે તેમ સમજવું.

પણ આવું જાણવા છતાં તેમાંથી છટકવાનો પ્રયત્ન કેમ કરીએ છીએ? તેનું કારણ છે ફીયર ઓફ ફેઈલીયોર- નિષ્ફળ થવાનો ભય. કે કદાચ હું સફળ નહીં થાઉ



તો ? આ માટે આપણે સારા દેખાવનો અને ખરાબ નહીં દેખાવવા માટેનો પૂરતો સઘન પ્રયત્ન કરતાં હોઈએ છીએ.

તો ચાલો આપણે આપણા અસ્તિત્વને સમજીએ અને સફળ થવાની તે -દિશામાં આગળ વધીએ.

જો હું એક વિદ્યાર્થી છું તો મારે મારી ફરજ અને જવાબદારી સમજીને મને મળેલ મારા સમયનો સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ કે જેથી હું મારા અભ્યાસમાં સફળ થઈ શકું. વિચારવાનું છે કે મારી સફળતા એ કેવળ મારી જ સફળતા નથી. તેની સાથે મારા શિક્ષક, મારા માતા-પિતા જેમણે તેમનો સમય નાણાં અને બીજી તમામ બાબતોને મારા અભ્યાસલક્ષી કાર્ય માટે જવાબાદાર સમજીને ફાળવ્યા છે તો મારી ફરજ બને છે કે મારે સારામાં સારો અભ્યાસ કરવો.

આ જ રીતે માત્ર એક વિદ્યાર્થી તરીકે નહીં પણ દરેકે તમામે પોતાની જાતને કેન્દ્રમાં મુકીને એક નિરંતર વિચાર કરવાનો છે કે મારે શું કરવાનું છે અને હું શું કરી રહ્યો છું. જો આ દિશામાં પોતે એક ક્ષણિક વિચાર કરશે તો આપણા આજના જીવનને ઉત્તમમોત્તમ બનાવવાની દિશામાં આગળ વધીએ.

વિચારીએ વર્તીએ અને આગળ વધીએ.



**નરેન્દ્ર રાઠોડ**
**સેક્રેટરી ટુ ડાયરેક્ટર જનરલ, સ્પીપા, અમદાવાદ**

દરેક વસ્તુમાં સુંદરતા રહેલી હોય છે, પણ બધા તેને જોઈ શકતા નથી **-કન્ફ્યૂશિયસ**

# ખેલ મહાકુંભમાં કુસ્તીની રમતમાં ત્રિપદા હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ બાજીમારી



**ત્રિપદાનું ગૌરવ**

તાજેતરમાં યોજાયેલ દેવગઢ બારીયા ખાતે ખેલ મહાકુંભમાં ત્રિપદા હાઇસ્કુલના ધોરણ ૭ના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ કુસ્તીમાં ભાગ લીધો હતો. જેમાં પટેલ ધર્મ ઘનશ્યામભાઇ પ્રથમ સ્થાન મેળવી સુવર્ણ ચંદ્રક તથા ૧૫,૦૦૦નું ઇનામ મેળવેલ છે. તથા બીજા બે વિદ્યાર્થીઓ ત્રાગડીયા ક્રીશ રવીભાઇ અને પારેખ દીપ ઉત્તમભાઇ કાંસ્ય ચંદ્રક તથા ૫,૦૦૦નું ઇનામ મેળવેલ છે. ઉલ્લેખનીય છેકે કુસ્તીની રમતમાં ખેલ મહાકુંભમાં અમદાવાદે પ્રથમવાર આ ત્રણ વિદ્યાર્થીઓના કૌશલ્યના કારણે રાજ્ય કક્ષાએ ટ્રોફી મેળવી છે.

## ત્રિપદા હાઇસ્કુલની વિદ્યાર્થીનીએ ૧૫ મિનિટમાં ૨૦૦ દાખલા ગણી તૃતિય સ્થાન મેળવ્યું




એ બેકસ એવોર્ડ સેરીમની ૨૦૧૫-૧૬માં ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં ત્રિપદા હાઇસ્કુલની ધોરણ ૪ની વિદ્યાર્થીની હિરવા સાયાણી જી.આઇ. લેવલમાં ૧૫ મિનિટમાં ૨૦૦ દાખલા ગણીને તૃતિય સ્થાન મેળવેલ છે.

## એમ. વાય. હાઇ સ્કૂલ, દાહોદમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે "માનવ સંવેદના દિન" ઉજવાયો

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત શ્રીમતી એમ. વાય. હાઇસ્કૂલ અને એસ. એન્ડ. આઇ દાદરવાલા હાય સેકન્ડરી સ્કૂલ દાહોદ ખાતે વિદ્યાર્થીઓમાં પરોપકારની ભાવનાનો વિકાસ થાય તથા સહાનુભૂતિની ભાવના કેળવાય તેવા ઉમદા આશયથી શાળામાં "માનવ સંવેદના દિન"નું આયોજન કરવામાં આવ્યું હતું. માનવ સંવેદના દિનની ઉજવણી માટે શાળામાં ભણતા તમામ વિદ્યાર્થીઓએ તેમના ઘરે રહેલા વણવપરાયેલા વસ્ત્રો મંગાવીને એકઠા કરવામાં આવ્યા હતા. જેમાં ધાબળા, કપડા, સ્વેટર્સ, રમકડા, શૈક્ષણિક સામગ્રી વગેરેનો સમાવેશ થયો હતો. જેને શાળાના શિક્ષકોએ વયપ્રમાણએ પેકીંગ કરીને જરૂરીયાતમંદ લોકો સુધી પંહોચાડ્યા હતા.



# ડાયનામાઇટની શોધ કોણે કરી?



સ્વિડનના વિજ્ઞાની કેમિસ્ટ આલ્ફ્રેડ નોબેલે ૧૮૬૭માં અકસ્માતે ડાયનામાઇટ (દારૂગોળા) ની શોધ કરી હતી. આલ્ફ્રેડ નોબેલ પ્રયોગશાળામાં નાઇટ્રોગ્લિસરીન બનાવી રહ્યા હતા, જે એક નાનકડા જ ધક્કાથી મોટો વિસ્ફોટ કરી શકે. તે દરમિયાન તેમના ફ્લાસ્કમાંથી થોડું પ્રવાહી નીચે પડ્યું. નીચે એક ખોખું પડેલું હતું, જેમાં ઇન્ફ્યુસોરિયલ નામનો પાઉડર હતો, પરંતુ એ જલદ પ્રવાહી તે પાઉડરમાં ભલી ગયું અને તેના મિશ્રણથી એક લૂગદી જેવું બની ગયું. આવું વિસ્ફોટક પ્રવાહી આ પાઉટરમાં ભળી જવાથી તેને આશ્ચર્ય થયું. ખૂબ તકેદારીથી તેમણે એ લૂગદી લઇને એક ડિશમાં મૂકી. પછી બહાર લઇ જઇ તેમાં આગ ચાંપી તો તેમાંથી એક જબરજસ્ત ધડાકો થયો. તેમને થયું કે નાઇટ્રોગ્લિસરીન જેવું પ્રવાહી સાચવવા માટે એક ઉત્તમ પદાર્થ મળી ગયો. તેમણે આનું નામ 'ડાયનામાઇટ' આપ્યું. દારૂગોળો શસ્ત્રોમાં વાપરવામાં આવે છે, પરંતુ તે ઉપરાંત ટનલો બાંધવા માટે, બોગદાનો માર્ગ ખોદવામાં ઘણો સમય અને શક્તિ ખર્ચાઇ જાય છે તેને બદલે દારૂગોળો મૂકીને તેનો વિસ્ફોટ કરતાં ખોદવાનું કામ ઝડપથી થાય છે. આ ઉપરાંત મોટી ઇમારતો તોડી નાખીને નવી ઇમારતો બાંધવાની હોય ત્યારે જૂની ઇમારતો તોડવા માટે પણ દારૂગોળાનો ઉપયોગ થાય છે. અશાંતિ અને હિંસા માટે ઉપયોગ થતાં દારૂગોળાના સર્જકના નામ પર જ શાંતિ માટેનું નોબેલ પારિતોષિક અપાય છે!

The Open Page
SINCE - 1968
Inspired Learning

Address : 4th Floor, Vishwa Arcade, Opp. Kumkum Party Plot, Nr. Akhbarnagar Circle, Ahmedabad. Phone : 079-27621385/6

PHOTO

લવાજમ ફોર્મ

લવાજમ ભરનાર નું નામ :

પિતાનું નામ :

અટક :

મોબાઇલ નંબર :

ફોન નંબર :

ઇ-મેઇલ આઇ.ડી. :

સ્કુલનું નામ :

ધોરણ  વર્ગ  વર્ગ

ઘરનું સરનામું :

શહેર  રાજ્ય  પિન કોડ નંબર

જન્મ તારીખ : D D M M Y E A R

લવાજમ ભર્યા તારીખ :

લવાજમ રકમ : ૨૦૦/-

લવાજમ કઇ રીતે ભરશો : રોકડા ☐ ચેક ☐ ડીમાન્ડ ડ્રાફ્ટ ☐

(જો ચેક કે ડીમાંડ ડ્રાફ્ટ આપો તો ધી ઓપન પેજના નામે આપવો)



લવાજમ ભરનારની સહી

SUBSCRIBE 99250 32168 THE OPEN PAGE

Website : www.theopenpage.co.in | Email : theopenpage@tripada.com.
Facebook : www.facebook.com/theopenpage

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે વિવિધ કાર્યોક્રમોનું આયોજન કરાયું





તાજેતરમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સ્વામિ વિવેકાનંદજીની ૧૫૩મી જન્મ જયંતિ નિમિત્તે પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં ગાંધીનગર શહેરની પ્રાથમિક, માધ્યમિક શાળાઓ તથા કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. પ્રદર્શનની સાથે સાથે સ્વામિ વિવેકાનંદજીના જીવન પરની એક ડોક્યુમેન્ટરી ફિલ્મનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્વામિજીના પુસ્તકોનું પ્રદર્શન અને વેચાણ પણ રાખવામાં આવ્યું હતું. તેમજ નિબંધ લેખન તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ગાંધીનગર શહેરની ૩૦ થી વધુ શાળાના વિદ્યાર્થીઓએ નિબંધ લેખનમાં ભાગ લીધો હતો. તેમજ સ્વામિનારાયણ ગુરૂકુલ સેકટર-૨૩માં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તેમાં ધો.૬થી ૮ તથા ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. તેમાં નિર્ણાયક તરીકે ડો. દીપ ત્રિવેદી, ડો. રાકેશ પટેલ, ડો. ધર્મેન્દ્ર પટેલ અને શ્રી ભૂપત ચૌહાણે કાર્યક્રમની શોભા વધારી હતી.

## ઉખાણા

**ચાલો મિત્રો, આજે આપણે આપણા બાળપણમાં વિચારી જઇ અને સરસ મજાના ઉખાણાની રમત રમીએ. ચાલો તો શરૂ કરીએ. તમને મન ગમતાં પાંચ ઉખાણા અમે આપી રહ્યાં છીએ...**

છત વિનાનું છાપરું દુનિયા આખીને ઢાંકે, ચાંદ સૂરજ તારાનું ઘર જે લોકો સઘળાં આંકે.

નરકની દીકરી અને તેજબાઇ નામ, પહેરે પટોળાં અને ભાંગે છે ગામ.


નાની એવી દડી, મોતીએ મઢી, જઈ રાજાને ખોળે પડી.


એક કૂતરું એવું તે કડક કરડી ખાય, જે સામે આવે તેને ફડક ફાડી ખાય.

બળતા પેટમાં નીકળે ધુમાડાના ઢગ, છાણાં, લાકડાં કોલસા ખાઇને જીવાડે જે જગ.

**જવાબ: આકાશ, તલવાર, દાડમ, વરૂ, ચૂલો**

## નીચે આપેલા એક સરખા બે ચિત્રોમાં દસ તફાવત છે તે શોધો




## ટપકા જોડો અને રંગ પૂરો



## આપેલ બોક્સમાં સાચી ગણતરી કરી જવાબ લખો.

| | |
|---|---|
| ☐ - ૪ = ૫ | ૫ - ☐ = ૪ |
| ☐ - ૨ = ૩ | ७ - ☐ = ૧ |
| ☐ - ७ = ૧ | ૧૦ - ☐ = ૫ |
| ☐ - ૩ = ૬ | ૬ - ☐ = ૨ |
| ☐ + ૪ = ૫ | ૮ + ☐ = ૯ |
| ☐ + ૨ = ૩ | ૩ + ☐ = ૫ |
| ☐ + ७ = ૯ | ७ + ☐ = ૮ |
| ☐ + ૬ = ૮ | ૬ + ☐ = ૧૦ |



## જો જો પાછા હસતા નહી

### પોલીસ

રાતના બાર વાગ્યે એકલા જતા માણસને પોલીસે પકડીને કહ્યું 'ચાલ પોલીસ સ્ટેશન'

**માણસ:** "પણ મે શું કર્યું છે?"

**પોલીસ:** "કશું નહીં પણ મને એકલા જતા બીક લાગે છે."

### ટીચર

"જેને બંન્ને હાથ ન હોય તેને હિન્દી અને અંગ્રેજીમાં શું કહેવાય?"

**મોન્ટુ:** "હિન્દીમાં ઠાકુર અને અંગ્રેજીમાં હેન્ડ્સ ફ્રી"



### દર્દી

**ડૉક્ટર:** 'હવે ખાંસી કેમ છે?'

**દર્દી:** 'એ તો બંધ થઇ ગઇ, પરંતુ શ્વાસ હજી રોકાઇ રોકાઇને આવે છે.'

**ડૉક્ટર:** 'ચિંતા ન કરો એ પણ બંધ થઇ જશે!'

### એફિલ ટાવર

સંતાને કોઈએ પૂછ્યું, 'શું કાંગારુ એફિલ ટાવર કરતાં વધારે ઊંચે કૂદી શકે?'

સંતાએ જવાબ આપ્યો, 'હા! કારણ કે એફિલ ટાવર તો કૂદી જ શકે નહીંને!'

# ચિત્રકલા


ધ્વનિ ગોપલાની
ધોરણ ૪, દિલ્હી પબ્લિક સ્કુલ, ગાંધીનગર



પ્રિશા શાહ
ધોરણ ૪, ત્રિપદા ઇંગ્લિશ સ્કુલ



હેનિલ શર્મા
ધોરણ ૯, શ્રી પી.બી. ડી. જોશી હાઇસ્કુલ



અનલ ઠક્કર
ધોરણ ૬, ગ્લોબલ મિશન ઇન્ટરનેશનલ સ્કુલ



મિલન મુકેશભાઈ જાદવ
ધોરણ ૫, મણીકૃપા સ્કુલ


શાહ ચશ્વી
ધોરણ ૬, ત્રિપદા હાઇસ્કુલ


અરુન ચૌધરી
ધોરણ ૯, શ્રી સત્ય સાંઇ વિદ્યાનિકેતન, નવસારી


યશ એમ. કટારીયા
ધોરણ ૭, હનુમંત હાઇસ્કુલ, મહુવા


સુથાર માહી જીજ્ઞેશભાઈ
ધોરણ ૬, ડી.પી. હાઇસ્કુલ


વિકેન જે. વલાંદ
ધોરણ ૯,શ્રી સત્ય સાંઇ વિદ્યાનિકેતન, નવસારી


ઝાલા રીંકલ
ધોરણ ૮,ત્રિપદા ગુરૂકુલમ, વિરમગામ



પ્રિત સી. ચંદગેરા
ધોરણ ૨,બ્રાઇટ ઇન્ટરનેશનલ સ્કુલ, ભાટ

## બાજુમાં આપેલા શબ્દો, નીચેના ચોકઠામાંથી શોધો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| હં | સ | મું | ર | ઇ | મો | શિ | પો | અ |
| ચ | ન | ટી | પી | પો | પ | ટ | લ | ક |
| હં | ચ | કો | ચ | ક | મો | કે | ટ | બુ |
| ર | ક | રી | કા | બ | ર | હો | લા | ત |
| મા | લી | ગ | મા | ર | લો | ડી | આ | ર |
| હં | કો | મે | શા | હ | મૃ | ગ | ગ | ર |
| કા | ય | સ | રા | મે | દ | સ | મ | ડી |
| ન | લ | ગી | ર | ના | મૃ | ટ | ર | વ |
| હો | લો | ગ | હ | શા | ગ | કા | ગી | ધ |

કબુતર
મોર
પોપટ
ચકલી
સમડી
કોયલ
કાબર
હોલો
મેના
હંસ
શાહમૃગ
ગીધ

## રસ્તો શોધવામાં મદદ કરો



## ચમત્કારી ચડ્ડી

મેં ચડ્ડી પહેરી
અને
ચડ્ડીના ખીસ્સામાં
દસ બાર સપના ભર્યાં
અને ચાલી નિકળ્યો સાવ અજાણ્યા રસ્તે
બસ એમ જ રખડવા.
મને રસ્તામાં
કેટલાક બધા લોકો મળ્યા !!!
મેં દરેકને ખિસ્સામાંથી કાઢીને
એક-બે, એક-બે સ્વપ્નાં વહેંચ્યાં
હું જેમ જેમ સપના વહેંચતો ગયો
એમ એમ મારું ખિસ્સુ
સપનાથી
ભરાતું ગયું ભરાતું ગયું ભરાતું ગયું
અને
જીવન
છલ-છલ છલ-છલ છલ-છલ
છલકાતું ગયું છલકાતું ગયું છલકાતું ગયું

-સંજય

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 6 | | | | 2 | | 9 |
| 5 | 7 | | 2 | | 6 | | | |
| | | 1 | | | 5 | | | 8 |
| 6 | | 3 | 4 | 8 | 1 | 7 | | |
| 7 | | | 5 | | | 3 | | |
| | | 5 | | | | | | |
| | 8 | 9 | | | | 4 | 3 | |
| | 6 | | | | | | | 1 |
| 3 | | 4 | | | | | 6 | 7 |

બાજુમાં નવ નવનું ચોરસ છે. તેના દરેક 3 3ના બોક્સમાં તમારે ૧થી ૯ના આંકડા ભરવાના છે. એક પણ આંકડો રિપીટ ન થવો જોઈએ. એ જ રીતે ચોરસની દરેક આડી અને ઊભી લાઇનનાં નવ ખાનામાં પણ ૧થી ૯ના આંકડા ભરવાના છે, આંકડો રિપીટ કર્યા વગર. જે 3 3ના બોક્સમાં સૌથી ઓછાં ખાલી ખાના હોય ત્યાંથી ભરવાનું શરૂ કરો. આ રમતનો માત્ર એક જ ઉકેલ છે. આજની રમતનો જવાબ નીચે આપેલો છે. તો તૈયાર છો ને?

સુડોકુનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 6 | 1 | 7 | 8 | 2 | 5 | 9 |
| 5 | 7 | 8 | 2 | 9 | 6 | 1 | 4 | 3 |
| 9 | 2 | 1 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 6 | 9 | 3 | 4 | 8 | 1 | 7 | 2 | 5 |
| 7 | 1 | 2 | 5 | 6 | 9 | 3 | 8 | 4 |
| 8 | 4 | 5 | 7 | 2 | 3 | 9 | 1 | 6 |
| 1 | 8 | 9 | 6 | 5 | 7 | 4 | 3 | 2 |
| 2 | 6 | 7 | 8 | 3 | 4 | 5 | 9 | 1 |
| 3 | 5 | 4 | 9 | 1 | 2 | 8 | 6 | 7 |

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૩-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ

નામ:______________________

સ્કૂલનું નામ:______________________

ધોરણ:____________ મો.નં.:____________

ફોટો



# રામેશ્વર સ્કુલ દ્વારા હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ ટ્રેઈનીંગ કેમ્પનું ઉદ્‌ઘાટન થયું

**ધી ઓપન પેજ:** અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં આવેલી રામેશ્વર સ્કુલ ખાતે હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ ટ્રેઈનીંગ કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી પુરુષોત્તમ રૂપાલાજી અને નેશનલ જનરલ સેક્રેટરી શ્રી ભરતભાઈ પાઠક ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાર્થીઓમાં સ્વયંશિસ્ત અને રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થાય તથા દેશને શિસ્તબંધ ભાવિ નાગરિકો મળે એ માટે આ પ્રકારના કાર્યક્રમો જરૂરી છે. શાળાના આચાર્ય શ્રી ડૉ. હેમંત પંડ્યાએ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું. હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ તરફથી શ્રી કે.એસ. ચૌહાણે સંચાલન કર્યું હતું.








# સોજા હાઈસ્કૂલ, કલોલ ખાતે માતૃભાષા ગૌરવ દિનની ભવ્ય ઉજવણી

**ધી ઓપન પેજ:** કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ‘‘શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા’’ ના ઉપક્રમે ‘વિશ્વ માતૃભાષા ગૌરવ દિન’ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આધુનિક તકનિકી યુગમાં આપણી માતૃભાષા ગુજરાતી જ્યારે ભૂલાઈ રહી છે, ત્યારે આપણી સંસ્કૃતિ અને સાહિત્યને જાળવી રાખવી એ આપણી નૈતિક ફરજ બને છે. બાળક જન્મ બાદ સૌપ્રથમ જે ઉચ્ચારણ અભિવ્યક્ત કરે છે તે ભાષા અને સ્વપ્નો અનુભવ જે ભાષામાં થાય છે તે માતૃભાષા જ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એ પણ માતૃભાષાના શિક્ષણને પ્રાધાન્ય આપવા પર સવિશેષ ભાર મૂક્યો હતો.

ગુજરાતી વિષયના નિષ્ણાત સારસ્વત શ્રી સી. એમ. ઠાકોરે ગુજરાતી સાહિત્ય, પ્રાચીનયુગનું સાહિત્ય, મધ્યકાલીન અને અર્વાચીન યુગના ગુજરાતી સાહિત્ય, લેખક - કવિ -સાહિત્યકાર - પ્રવાસ લેખક- નવલકથાકાર - વિવેચક - વિશ્લેષક - અનુવાદક - નિબંધકાર વગેરે વિશે સવિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. ગુજરાતી વિષયના અન્ય નિપુણ સારસ્વત શ્રી વી. એન. ચાવડાએ આખ્યાન - છંદ - લોકગીત - પ્રકૃતિ નિબંધ - ભક્તિપદો - ગદ્ય - પદ્ય વિશે વિગતવાર રજૂઆત કરી હતી.

આ પ્રસંગે ગુજરાતી સાહિત્યના આધારસ્તંભ એવા સાહિત્યકારના જીવનચરિત્ર અને જીવનવૃત્તાંત રજૂ કરતા પ્રદર્શન-નિદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વૈશ્વિક ફલક પર ભૂંસાઈ રહેલી ગુજરાતી ભાષાના જતન - રક્ષણ - સંવર્ધન - વિવર્ધન માટે આવશ્યક નિદાનાત્મક - રચનાત્મક - હકારાત્મક - ઉપચારાત્મક ઉપાયો વિશે વિચારગોષ્ઠી નું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સંજયભાઈ નાયક અને ચીમનભાઈ ઠાકોર દ્વારા વિવિધ પદો અને સાહિત્યિક રચનાઓનું સુંદર રસપાન કરાવાયું હતું.



# રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન હેઠળ એફ.ડી. સ્કુલ જુહાપુરા ખાતે કેકટસ ગાર્ડનનો પ્રારંભ થયો



**ધી ઓપન પેજ:** રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન હેઠળ પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, ભારત સરકાર નવી દિલ્હી તથા વિકસત નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એફ.ડી. હાયર સેકેન્ડરી સ્કૂલ જુહાપુરા ખાતે અનોખા કેકટસ ગાર્ડનનો પ્રારંભ થયો. આ પ્રસંગે વસા ફાર્મા કેમ લિમિટેડના શ્રી જૈમીન વસા તથા શ્રીમતી વૈશાલીબેન વસા અને પ્રેસિડન્ટ મેડલ મેળવનાર નિવૃત્ત આસિસટન્ટ કમિશ્નર ઓફ પોલીસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એન.ઇ. એ.સી. પ્રોજેક્ટ હેઠળ શાળામાં કેકટસ કલેકશન પ્રવૃત્તિ ઉપરાંત નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, વાચન શિબિર તથા કેમ્પીંગ જેવા કાર્યક્રમો પણ યોજાયા હતા. હાલમાં શાળાના ગાર્ડમાં ૭૦ ટકા જેટલા કેકટસનો સંગ્રહ કરવામાં આવેલ છે જે દ્વારા બાળકોમાં પર્યાવરણ જાગૃતિનો અભ્યાસપૂર્વક પ્રવૃત્તિ દ્વારા સંદેશ આપવાનો પ્રયાસ થશે. શાળા દ્વારા યોજવામાં આવતી વિવિધ પર્યાવરણ પ્રવૃત્તિઓ માટે એફ.ડી. એજ્યુકેશન સોસાયટીના ચેરમેન શ્રી શફીભાઈ મણીઆર સૌ ઈકો ક્લબના સભ્યોને બિરદાવે છે.






Printed and published by ARCHIT LABHUBHAI BHATT on behalf of TRIPADA EDUCATION TRUST and Printed at Divya Bhaskar Print Plant, plot No. 148, Po. Vasna-Chachravadi, B/h. L&T Plant, Bavla-Changdor Road, Dist: Ahmedabad-382210 and published from TRIPADA EDUCATION TRUST Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad. • Editor- ARCHIT LABHUBHAI BHATT